ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૨ ટકા
ગાંધીનગર તાપમાન

આત્મન ફાઉન્ડેશન દ્વારા શૂલપાણિ ઝાડી - ખપરમાલમાં વિવિધ કીટોનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની વિવિધ સેવા કાર્યો કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા હૂંફનો હાથ, પ્રેમનો સાદની રીતે જરૂરિયાતવાળા લાભાર્થીઓને પ્રસાદ અર્પણ કરવામાં આવે છે.ખાસ તો અંતરિયાળ વિસ્તારોમાં રૂબરૂ જઈને આ ચીજ - વસ્તુઓ પહોચાડવામાં આવે છે. નર્મદા પરિક્રમા દરમ્યાન શૂલપાણિ ઝાડીનો વિસ્તાર આવે. આ ભૌગોલિક રીતે વિષમ પ્રદેશ છે. અગાઉ આ વિસ્તારમાં સંસ્થા દ્વારા બે વખત સેવા કાર્ય કરવામાં આવ્યું હતું. તાજેતરમાં આત્મન ફાઉન્ડેશન દ્વારા ખપરમાલ જઈને ત્યાંના નિવાસી એવા આદિવાસી પરિવારોને ગોળ, લોટ, તેલ, મગ, તુવરદાળ, ચોખા વગેરેની અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે દરેક લાભાર્થીને સ્વેટર, નહાવા - ધોવાના સાબુ, કોપરેલ તેલ, વોશિંગ પાઉડરની કીટ તથા બાળકોને જર્સીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. છૂટીછવાઈ છાપરીઓમાં રહેતા પરિવારો સાથે સંવાદ પણ કરવામાં આવ્યો હતો. ગાંધીનગરથી જવા - આવવાના લગભગ ૭૦૦ કિમી. થી વધુની વિકટ મુસાફરી કરી આત્મન ત્યાં પહોચ્યું હતું. નર્મદા યાત્રીઓની સેવા કરતા કેન્દ્રોને પણ આ કીટ અર્પણ કરવામાં આવી હતી. દિનેશભાઈ સંઘાડિયા તરફથી સાબુ કીટ આપવામાં આવી હતી. સંસ્થાના સહયોગીઓ પ્રજ્ઞાબેન પટેલ, દિનેશભાઈ સંઘાડિયા, ક્રિષ્નકુમાર રાણા, તુલજારામ મહેશ્વરી આ નિમિત્તે જોડાયા હતા.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં જી-૨૦ અંતર્ગત નિબંધ અને ક્વીઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર ખાતે જી-૨૦-૨૦૨૩ વર્ષ ઉજવણી થઈ રહેલ છે. જેમાં જાન્યુ.૨૦૨૩માં જી-૨૦થી માહિતગાર કરવા 'નિબંધસ્પર્ધા' યોજવામાં આવી હતી. જેમાં કુલ૨૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો અને વિજેતા બનનાર ૩ વિદ્યાર્થીનીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ સિવાય જી-૨૦ એમસીક્યુ ક્વિઝ ટેસ્ટ યોજવામાં આવી હતી. જેમાં ૩૮ વિદ્યાર્થીનીઓએ ટેસ્ટ આપી હતી. સૌથી વધુ ગુણ મેળવનાર ૩ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર આચાર્ય હસ્તક આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન જી-૨૦ના કો-ઓર્ડીનેટર ડૉ. વાઘેલા હેમાંગીનીબેન અને ડૉ. મીનાબેન વ્યાસ ખૂબ જ સારો પ્રયાસ કર્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. એમ. એમ. ચૌધરીએ વિદ્યાર્થીનીઓને જી-૨૦ થી માહિતગાર કરી હતી.

જન્મદિને વધામણી



કે.બી. વ્યાસ
મો. ૯૮૨૫૦ ૩૩૦૭૪



ગીતાબેન મનીષભાઈ શાહ
આચાર્ય પીંપળજ પ્રા. શાળા
મો. ૯૯૨૫૮ ૧૦૦૯૮

ભાનુભાઈ એસ. દવે
મો. ૮૧૪૦૭ ૬૨૨૬૮

હિતેષ રમેશભાઈ સોલંકી

હરસિદ્ધ અજીતજી ઠાકોર
મો. ૭૦૧૬૬ ૭૭૮૨૨

જીગર જયંતીભાઈ સોલંકી
મો. ૯૨૭૪૩ ૨૪૯૫૧

તરલિકાબેન રમેશભાઈ વ્યાસ
મો. ૯૭૨૭૧ ૬૫૩૬૦

ક્રીષા મિતેષકુમાર શર્મા
મો. ૯૭૨૩૬ ૧૪૨૮૨

દિવ્યશ્રી પ્રેમલસિંહ ગોલ

મુકેશ ઠક્કર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
-સંપાદક

કૈલાસબેન દરજી

ફેબ્રુઆરીના પ્રથમ રવિવારે બલરામ મંદિરે પુસ્તક પરબ યોજાશે

છેલ્લા નવ વર્ષથી ગાંધીનગરમાં મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. આ ફેબ્રુઆરી મહિનાની પુસ્તક પરબ તા. ૫-૨-૨૦૨૩, રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન બલરામ મંદિર, સેકટર - ૧૨, ઉમિયા મંદિર પાસે, ગાંધીનગરમાં યોજાશે. પરબની મુલાકાત લેવા સહુ નગરજનોને, પુસ્તકપ્રેમીઓ, વડીલો, વિદ્યાર્થીઓને આત્મન સંસ્થા તરફથી વિનંતી છે. મુલાકાતી બે પુસ્તક અને બે સામયિક પસંદ કરી વિનામૂલ્યે લઈ જઈ શકશે. આ પુસ્તક પરબ માતૃભાષાના પ્રસાર હેતુ, સારા પુસ્તકોના વાંચનને પ્રોત્સાહન મળે તે હેતુસર માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવે છે. પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે.

ગાધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા જીલ્લા પોલીસ વડાની શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા.૩

ગાધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા ગાધીનગર જીલ્લા

પોલીસ અધિક્ષક સે - ૨૭ જીલ્લા પોલીસ વડાની કચેરી ખાતે શહેરના પ્રતિનિધીઓ એ શુભેચ્છા મુલાકાત કરી હતી. શહેરની નાનીમોટી સમસ્યાઓ અંગે, ટ્રાફિક, ઘરફોડ ચોરીઓ, વાહન ચોરી જેવા અનેક પ્રશ્નોની ચર્ચા કરી જીલ્લા પોલીસવડાને માહિતગાર કરવામાં આવ્યા હતા અને પોલીસ પેટ્રોલિંગ વધારવા માટે રજુઆત કરવામાં આવી હતી.

શહેરના પ્રતિનિધીઓને ખુબ સરસ રીતે સાંભળવામાં આવ્યા હતા અને ગાધીનગર શહેર વસાહત મહાસંઘના હોદેદારો કેશરીસિહ બિહોલા, પ્રમુખ રાજેન્દ્ર પારેખ, મહામંત્રી મનુભાઈ મહેતા, શહેર આગેવાન પોપટલાલ પ્રજાપતિ, ધનશાયમસિહ ગોલ, જશવંતસિંહ રાઠોડ, નિલેન્દુ વૉરા, ભિખુસિહ રાઠોડ, વાસુદેવભાઈ સુથાર, સી એમ વર્માએ જીલ્લા પોલીસવડા ને મુલાકાત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જીઈબી પ્રાથમિક શાળામાં નાસ્તાનું વિતરણ

ગાંધીનગર, તા. ૩

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જીઈબી સ્થિત સરકારી પ્રાથમિક શાળાના ધો. ૧ના બાળકોને નાસ્તાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રવિણ વઘાસિયા દ્વારા નાસ્તો પ્રાપ્ત થયો હતો. મિલિંદભાઈ તથા પ્રવિણભાઈ પરિવાર સાથે હાજર રહ્યા હતા.

કલાગુર્જરી દ્વારા પાંચમીએ 'વાસંતી સૂર વૈભવ' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩

શહેરની સાંસ્કૃતિક સંસ્થા કલાગુર્જરી દ્વારા પાંચમીને રવિવારે રાત્રે નવ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે 'વાસંતી સૂર વૈભવ' કાર્યક્રમ યોજાશે. જેમાં જાણિતા સ્વરકાર મહંમદભાઈ દેખૈયા અનેક પ્રસિદ્ધ કવિઓની રચનાઓ તેમના વિદ્યાર્થીઓના કંઠે રજુ કરશે.

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા 'રાષ્ટ્રીય યુવા સંસદ મહોત્સવ-૨૦૨૩'નું આયોજન

ગાંધીનગર, તા. ૩

યુવા બાબતો અને રમતગમત મંત્રાલય (ભારત સરકાર) હેઠળના નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા શ્રેષ્ઠ વક્તાઓની પસંદગી માટે રાજ્યોના વિભિન્ન જિલ્લામાં રાષ્ટ્રીય યુવા સંસદ મહોત્સવ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યના વિજેતાઓની સ્પર્ધા હવે તારીખ ૭મીના રોજ વર્ચ્યુઅલ મોડમાં યુવા સંસદનું આયોજન કરશે. જે યુવાનો રાજ્યસ્તરે વિજેતા રહેશે એમને રાષ્ટ્રીયસ્તરની સ્પર્ધા માટે મોકલવામાં આવશે. રાષ્ટ્રીય કક્ષાના રોકડ ઈનામોમાં પ્રથમ વિજેતા માટે રૂ. ૨ લાખ, બીજા માટે રૂ. ૧.૫ લાખ, ત્રીજા માટે રૂ. ૧ લાખ અને રૂ. ૫૦,૦૦૦ પ્રત્યેકના બે આશ્વાસન ઈનામોનો સમાવેશ છે.

'વોઈસ ઓફ શમશાદ, નૂરજહાં, સુરૈયા' સદાબહાર ગાયિકા કમ પરફોર્મર, મૃદુલા દેસાઈના કંઠે 'ગોલ્ડન' ગીતોનો જાજરમાન જલ્સો : અભિનંદન 'શિવરંજની'

સંચાલક કવિ ડો. રઈશ મણિયારે 'ગોલ્ડર એરા'ને ચારચાંદ લગાવ્યા

શિયાળાની, તા. ૨૨ ડિસેમ્બર - રવિવારની રાતને, અડદિયાને સાલમપાક જેવા ચટાકેદાર - ધમધમાટ મ્યુઝિકલ પ્રોગ્રામ થકી, ગાંધીનગરના સંગીત પ્રેમીઓ થકી, ગાંધીનગરના સંગીત પ્રેમીઓ માટે હુંફાળી ને અવિસ્મરણીય બનાવવા માટે 'શિવંરજની' સંસ્થાને અભિનંદન આપીને એટલા ઓછા !

તો એથીય અડકા અભિનંદન મુંબઈથી આવેલાં, સદાબહાર ગાયિકા કમ પરફોર્મર, મૃદુલાબેન દેસાઈ, અમદાવાદના આપણા જાણીતાને માનીતા 'વોઈસ ઓફ કિશોરકુમાર નિરજ પાઠક અને કાર્યક્રમને પોતાના અનોખા અંદાજવાળા' સાહજિક ને હળવાશભર્યા સંચાલનથી સતત 'લાઈવ' રાખનાર કવિ ડૉ. રઈશ મણિયાર (સુરત)ની ત્રિપુટીને પણ, જેમણે 'નોનસ્ટોપ' ત્રણ - સવા ત્રણ કલાક સુધી હિંદી સિનેમાના 'ગોલ્ડન એરા' ૧૯૪૦થી ૧૯૬૦ના વર્ષોના સુવર્ણકાળનાં 'ગોલ્ડન' સોંગ્સની રમઝટ બોલાવીને સૌને તરબતર કરી દીધા.

શિવરંજની ગાંધીનગરના સુવર્ણજયંતિ વર્ષના આ ત્રીજા કાર્યક્રમ 'ગોલ્ડન એરા'ની ટેગલાઈન હતી 'સુવર્ણ જયંતિ વર્ષ'માં હિંદી ફિલ્મ જગતના સ્વર્ણિમ યુગના ગીતોનો ખજાનો....' અને સાચે જ એ રાત્રે, કાર્યક્રમની ટેગલાઈનને ચરિતાર્થ કરવા કલાકારોએ મન મૂકીને સદાબહાર - ચિરસ્મરણીય ગીતોનો પટારો ખુલ્લો મૂકી દઈ, ગીત-સંગીતનો ખજાનો લૂંટાવ્યો.... ઉપસ્થિત સૌએ આ ઓજસ્વી ને તેજસ્વી (રઈશ મણિયારની હળવાશભરી કોમેન્ટ મુજબ સફેદ વાળાવાળાને ચમકતી ટાલવાળાઓ માટેનો) કાર્યક્રમ દિલભરીને લૂંટ્યો - માણ્યો હતો.

મૃદુલાબેન દેસાઈ એટલે વોઈસ ઓફ નૂરજહાં, સુરૈયા, શમશાદ બેગમ.... અને એટલે જ 'જવાં હૈ મહોબત, હસીં હૈ જમાના.... લૂંટાયા હૈ દિલ ને ખુશી કા ખજાના...' (ફિલ્મ : અણમોલ ઘડી) અને 'અફસાના લિખ રહી હૂં.... દિલે બેકરાર કા, આઁખો મેં રંજો ભરકે તેરે ઈંતજાર કે....' (ફિલ્મ : દર્દ) ની ઓડિયો - વીડિયો સમી મૃદુલાબેનનો ગાલ સાથે ચહેરા - આંખો ને હાથના અભિનયન સ્તો!!)

ધમાકેદાર પ્રસ્તુતિથી આરંભાયેલ કાર્યક્રમમાં 'વો પાસ રહે યા દૂર રહે નજરોમેં સમાયે રહેતે હૈ.... ઈતના તો બતાદે કોઈ હમે કયા પ્યાર ઈસીકો કહતે હૈ....' (ફિલ્મ : બડીબહન) પછી નિરજ પાઠકે મન્નાડેના સ્વરમાં ગાયેલ 'દિલ કા હાલ સુને દિલ વાલા, સીધી સી બાત ના મીર્ચ મસાલા....' (ફિલ્મ શ્રી ૪૨૦) તથા મૃદુલાબેન અને પંકજ પાઠકજીએ રજૂ કરેલ શમશાદ - તલતનું યુગલગીત 'મિલતે હી આંખે દિલ હુઆ દિવાના કિસી કા....' (ફિલ્મ : બાબુલ) એ 'હોલ' 'માહોલ' જૂના પણ હૃદયસ્પર્શી સ્વર્ણિમ સંગીતથી છલકાવી દીધો....

રઈશભઆઈની રમૂજી શૈલીમાં, ગાયકો - ફિલ્મો - સંગીતકારોની અવનવી - મજાની - અણજાણી વાતો સાથેનો સંચાલનમાં આગળ વધતા જતા 'ગોલ્ડન એરા' પ્રોગ્રામમાં, નિવડેલા, સંગીત સંચાલક અને 'વોઈસ ઓફ તલત' શ્રી પંકજ પાઠકના ઓરકેસ્ટ્રેશનમાં પંકજભાઈએ 'જલતે હૈ જીસકે લિએ, તેરી આંખો કે દિયે.... ઢૂંઢ લાયા હું વોહી ગીત મૈં તેરે લિએ....' (ફિલ્મ : સુજાતા) અતિ સુંદર રીતે રજૂકર્યું તો રઈશ ભાઈએ ફિલ્મોમાં 'ફોન સોંગ્સ'ની યાદી આપી દઈ એને વધુ રસપ્રદ બનાવવા સાથે જ મૃદુલાબેન અને ભાઈ નિરજ પાઠકે ફિલ્મ 'પતંગા' નું ટેલિફોનિક સોંગ 'મેરે પિયા મેરે પિયા ગયે હૈ રંગૂન, વહાં સે કિયા હૈ ટેલિફૂન.....'ની રોમેન્ટિક એકટિંગ સાથેની પ્રસ્તુતિએ ઓડિયન્સને ખુશખુશ કરી દીધું હતું... આગળના દૌરમાં ગવાયેલાં 'કભી તનહાઈયોં મેં યૂં હમારી યાદ આયેગી...' (ફિલ્મ : હમારી યાદ આયેગી, સ્વર : મુબારક બેગમ) 'અખિયાં મિલાકે જીયા ભરમાકે ચહે નહીં જાના...' (ફિલ્મ : રતન) 'આવાઝ દે કહાં હૈ, દુનિયા મેરી જવા હૈ...' (ફિલ્મ : અણમોલ ઘડી) હોય કે પછી નિરજના કંઠે ટેવાયેલા કિશોરદા લિખિત- સ્વર નિયોજિત ને અભિનિત ગીત 'આ ચલ કે તુજે મેં લેકે ચલુ એક ઐસે ગગન કે તલે...' (ફિલ્મ : દૂર ગગન કી છાંવ મેં) હોય, ફિલ્મ 'આરપાર'નું ગીત 'કભી આર કભી પાર, લગા તીરે નજર...' (શમશાદ બેગમ) કે 'મુગલે આઝમ' ની લતાજી -શમશાદ બેગમની એતબાજી વાળી મશહૂર અને ફિલ્મ ડ્યુએટ જેવી કવ્વાલી 'તેરી મહેફિલ મેં કિસ્મત આજમા કર હમ ભી દેખેં ગે...' એ મૃદુલાજીની બે અલગ સ્વરમાં ને પૂરાં જોમજુસ્સા ને ઠસ્સા સભર અભિનય સાથેની પ્રસ્તુતિનો આનંદનો જેણે માણ્યો હોય એને જ ખબર પડે.

ફિલ્મ ગીતોના આ કાર્યક્રમમાં ૨૮-૩૦ જેટલાં ગીતોથી સજાવેલો શિવરંજની, ગાંધીનગરનો આ કાર્યક્રમ એટલે જ યાદગાર રહ્યો... એમાં ફિલ્મ 'બાવરે નયન' નું ગીતા દત્તનું ગાયેલું ગીત 'ખયાલો મેં કિસી કે ઈસ તરહ આયા નહીં કરતે...' તથા 'નવરંગ' ફિલ્મમાં મહેન્દ્ર કપૂર અને આશાજી એ ગાયેલ મનભાવન ગીત 'આધા હૈ ચંદ્રમા... રાત આધી...' તેમ જ 'ભાઈ ભાઈ'નું ગીત 'યે દિલ મુજે બતા દે તું કિસ પે આ ગયા હૈ....', 'સૈયા દિલ મેં આના રે, આ કર ફિલ ના જાના રે....' (ફિલ્મ : બહાર), નિરજ પાઠક પ્રસ્તુત 'જરા નજરોં સે કહ દો જી, નિશાના ચૂક ના જાયે....' (ફિલ્મ : બીલ સાલ બાદ, હેંમંતકુમાર), મૃદુલા દેસાઈ - નિરંજનું ડ્યુએટ 'મુજ કો અપને ગલે લગા લો.... એ મેરે હમ રાહી....' (ફિલ્મ : હમરાઝ સ્વર : મુબારક બેગમ અને મહંમદ રફી) નિરજ પાઠકે ગાયેલ 'ન યે ચાંદ હોગા ન તારે રહેંગે.....' (ફિલ્મ : શરત, સ્વર : હેંમતકુમાર)

'એક દો તીન, આજા મૌસમ હૈ રંગીન.... (ફિલ્મ : આવારા), મેરા જુતા હૈ જાપાની યે પતલૂન ઈંગ્લીશ તાની....' નિરજજીને મૃદુલાજીએ પેશ કરેલ ફિલ્મ 'દિલ્લગી'નું યુગલ ગીત 'મેં તૈરા ચાંદ તું મેરી ચાંદની...' માણીને શ્રોતાઓએ ચાંદનીની શીતળતાનો અનુભવ કર્યો એવી મજા પડી.

'સ્ટાર્ટ ટુ એન્ડ' એ જ જોમજુસ્સા, તરબતર, તન્મયતા અને 'લાઈવલીનેસ' સાથે ફટાફવ ગવાતાં જતાં ગીતોમાં 'આજ જાને કી જીદ ના કરો...' એ ફરીદા ખાનુમેં ગાયેલી નઝમ બેખૂબીથી ઉપાડી પછી તેની સાથે જ 'ના જાઓ સૈયાં છુડાકે બૈયાં...' કસમ તુમારી મૈં રો પડૂંગી...' માં તો મૃદુલાબેને સિંગીગી અને પરફોર્મન્સની 'કમાલ' કરી દીધી હતી... તો 'વોઈસ ઓફ કિશોરકુમાર' તરીકે વધુ જાણીતા ભાઈ નિરજ પાઠખના કંઠેથી મન્નાડે, હેમંતકુમાર, સુરેન્દ્ર, મુકેશનાં ગીતો પણ એટલાં જ સૂરીલા ને મધુર હોય છે.... એ એમણે 'સારંગા' ફિલ્મનું મુકેશજીએ ગાયેલ ગીત 'સારંગા તેરી યાદ મેં....' પ્રસ્તુત કરીને પુરવાર પણ કર્યું.... કાર્યક્રમના અંત તરફ જતાં 'લે કે પહેલા પહેલા પ્યાર, ભર કે આંખો મેં ખુમાર' તથા 'કજરા મહોબત વાલા, આંખિયોમેં ઐસે ડાલા...' તેમ જ 'મધર ઈન્ડિયા' ફિલ્મનું 'ઓ ગાડી વાસે ગાડી ધીરે હાંક રે....' એવી જમાવટ કરી દીધી કે શ્રોતાઓ ઠંડી - મોડી રાત થવા છતાં હજી વધુ ગીતો સાંભળવા તલ્લીનને તત્પર હતા.

પણ સમય કહેતો હતો 'અબ રુક જાઓ....'ને તેથી 'દમાદમ મસ્ત કલંદર'થી મૃદુલાબેન સમાપન કર્યું. ત્યારે આ 'ફાસ્ટ નંબર' ને સાથ આવતા નિરજ પાઠકને સંચાલક રઈશભાઈ સાથે સમગ્ર શ્રોતાગણ જોડાતા 'હોલ' ગૂંજી ઊઠ્યોને વાતાવરણ આવા હીટ પ્રોગ્રામથી 'હોટ' બની ગયું હતું.

આમ તો સુશ્રી મૃદુલા દેસાઈ, નિરજ પાઠક, સંચાલક કવિ ડૉ. રઈશ મણિયાર તથા સંગીત સંચાલક પંકજ પાઠકની આખી ટીમ અગાઉ બે વાર 'શિવરંજની'ના સંગીત રસિક સભ્યોનું મનરંજન કરાવી ચૂકી છે પરંતુ જેમના અવાજમાં વીતેલા ગોલ્ડન એરાની ચાર મશહુર ગાયિકાઓના કંઠથી પરફેક્ટ હલક ને ઝલક - મધુરતા માણવા મળે એવી અજાયબી છે. અને ગાયકી સાથે ગીતના શબ્દો - ભાવાનુમય હાવ-ભાવ ને અદાની અનોખી અયાદગી જોવા મળે છે. એવા મૃદુલાબેન, નીવડેલા સીંગર નિરજ પાઠક તથા સંચાલનના કોઈ ભાર વિના, હસતાં - હસાવતાં, દરેક પ્રસ્તુતિના ગીત-સંગીત - ફિલ્મ સાથે સંકળાયેલી અવનવી વિગતો રમૂજી અંદાજમાં પીરસવાના કસબી રઈશભાઈને જેટલીવાર માણીએ એટલીવાર નવું જ લાગે છે.... (એક દો - તીન - ચાર આજા મૌસમ હૈ રંગીન) ગીત પૂર્વને રઈશભાઈ કહે છે : આ ગીત સાથે 'તેજાબ'ની માધુરીનું એક દો તીન ચાર....' ગીત યાદ આવે.... ૨૫ વર્ષ પહેલા મારાં ને માધુરીનાં લગ્ન થયેલા....બંનેનાં અલગ અલગ પણ આટલું કહીએ તો જરા મનને સારું લાગે... માધુરીને નેને મળ્યો એને મારી વાઈફને) હું મળ્યો !! આવી રમૂઝો ને 'વન લાઈનર્સ'ના 'માસ્ટર' કવિ ડૉ. રઈશજીને સલામ....

(કાર્યક્રમના અંતે ગાયિકકોના બદલે રઈશભાઈના ઓટોગ્રાફ લેવા ને તેમની સાથે ફોટો પડાવવા થયેલી ભીડ એમની લોકપ્રિયતા બતાવે છે.)

તો રોમેન્ટિક સોંગ હોય, ઉછળકૂદનું ધમાલિયું ગીત હોય, કલબ નંબર હોય કે વિરહના દર્દના ભાવનું ગીત હોય, કવ્વાલી કે સૂફી ગીત હોય દરેકની 'પરફેક્ટ' પ્રસ્તુતિ દ્વારા મોજ કરાવી દઈ, 'શિવરંજની' ના કાર્યક્રમને 'ગોલ્ડન'ને 'મેમોરેબલ' બનાવી દેવા બદલ મૃદુલાબેનને ય બે હાથે સલામ.... તેથી જ કહેવું પડે છે કે જે સભ્યો તા. ૨૨મીના કાર્યક્રમમાં ઉપસ્થિત ન રહી શક્યા અને જે સંગીત ચાહકો હજી 'શિવરંજની' સાથે જોડાવા સદભાગી નથી બન્યા એમને આ 'ગોલ્ડન એરા' નાં સ્વર્ણિમ શબ્દો - સ્વર - સૂરે મઢ્યાં ગીતોના કાર્યક્રમની મોજ-મસ્તી - ખુશીથી વંચિત રહ્યાનો ખૂબ રંજ રહેશે એ નક્કી !!

વન્સ અગેઈન્સ કોંગ્રેટ્સ પ્રમુખ અને ટીમ 'શિવરંજની' ફોર એરેન્જીંગ સચ એ વન્ડરફૂલ મ્યુઝિકલ પ્રોગ્રામ.